## (1) CBD ઓઈલ વિશે નીચેનામાંથી સાચા વિધાન પસંદ કરો ?

(1) CBD ઓઈલ કેનેબી છોડમાંથી મેળવવામાં આવે છે.

(2) આ ઓઈલ કેન્સરની સારવાર કરી શકે તેવા પૂરતાં વૈજ્ઞાનિક પૂરાવાઓ ઉપલબ્ધ છે.

(3) ડ્રગ્સ એન્ડ કોસ્મેટીક એકટ, 1940 હેઠળ બનાવવામાં આવેલ CBD ઓઈલનો ઉપયોગ કાયદેસર ગણવામાં આવે છે.

(A) માત્ર (1)　　(B) માત્ર (2)

(C) માત્ર (1) અને (3)　　(D) માત્ર (2) અને (3)

⇛ જવાબ :- C

**સમજૂતી :**

⇛ CBDનો અર્થ Cannabidiol થાય છે.

⇛ આ CBD ઓઈલ કેનેબીના છોડમાંથી મેળવવામાં આવે છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ CBD ઓઈલ સુરક્ષિત અને અસરકારક રીતે કેન્સરને મટાડી શકે તેવા પૂરતાં વૈજ્ઞાનીક પૂરાવાવઓ હજુ ઉપલબ્ધ નથી. (આથી, વિધાન (2) ખોટું છે.)

⇛ નાર્કોટીક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપીક સબ્સ્ટાન્સ એકટ, 1985 હેઠળ કેનેબીના વપરાશ પર પ્રતિબંધ લગાડવામાં આવેલો છે.

⇛ ડ્રગ્સ એન્ડ કોસ્મેટીક એકટ, 1940 હેઠળ કેનેબીમાંથી મેળવેલાં CBD ઓઈલનો વપરાશ કાયદેસર છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આમ છતાં, કેનેબીનો દવા તરીકેનો ઉપયોગ ભારતમાં વધુ પ્રમાણ થતો નથી.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (InvIT) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) InvIT મ્યુચ્યુઅલ ફંડ જેવી સમાન સંસ્થા હોય છે, જે વિવિધ રોકાણકારો પાસેથી રોકાણ જમા કરે છે અને માત્ર પૂર્ણ થયેલા ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટમાં રોકાણ કરે છે.

(2) NHAIના InvITની સ્થાપના NHAI દ્વારા ઈન્ડિયન ટ્રસ્ટ એક્ટ, 1882 હેઠળ કરવામાં આવેલી છે.

(3) ભારતમાં વર્તમાન સમય સુધીમાં માત્ર 2 InvITની જ સ્થાપના થઈ છે.

(A) માત્ર (1)

(B) માત્ર (2)

(C) માત્ર (1) અને (2)

(D) માત્ર (2) અને (3)

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્વેસ્ટમેનટ ટ્રસ્ટ એ મ્યુચ્યુઅલ ફંડ જેવી જ સંસ્થા હોય છે, જેમાં વિવિધ રોકાણકારો પાસેથી રોકાણ ભેગું કરીને પૂર્ણ થયેલાં તથા આવક આપતાં પ્રોજેક્ટ પર પણ રોકાણ કરવામાં આવે છે. (આથી, વિધાન (1) ખોટું છે.)

⇛ NHAI (નેશનલ હાઈ–વે ઓથોરિટી ઓફ ઈન્ડિયા) દ્વારા સ્થપવામાં આવેલ InvIT એક ટ્રસ્ટ છે જેની સ્થાપના ઈન્ડિયન ટ્રસ્ટ એક્ટ, 1882 અને SEBIના નિયમોને આધીન કરવામાં આવી છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ ભારતની InvIT બજાર હજુ સંપૂર્ણ રીતે પરીપકવ નથી અને વર્તમાન સુધીમાં માત્ર 10 InvITની જ સ્થાપના થઈ છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇛ આ InvIT સડક, ઊર્જા, ગેસ ટ્રાન્સમિશન અને ટેલીકોમ ટાવર ક્ષેત્રે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**(3) બ્રુસેલોસીસ (Brucellosis) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) તે બેક્ટેરીયાથી થતો રોગ છે.

(2) તે મુખ્યત્વે ગાય–બળદ, ભૂંડ, બકરી અને ઘેટાં જેવા પશુઓમાં જોવા મળે છે.

(3) માણસને પણ આ રોગ થઈ શકે છે.

(4) આ રોગ માણસથી માણસમાં ફેલાય શકતો નથી.

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1), (2) અને (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ બ્રુસેલોસીસ એ બેક્ટેરીયા દ્વારા થતો રોગ છે, જે મુખ્યત્વે ગાય–બળદ, ભૂંડ, ઘેટાં–બકરાં તથા કૂતરાઓમાં જોવા મળે છે. (આથી, વિધાન (1) અને (2) સાચા છે.)

⇛ માણસ જો ચેપગ્રસ્ત પશુના સિધા સંપર્કમાં આવે અથવા તો ચેપગ્રસ્ત પશુમાંથી મેળવેલ–ખોરાક અથવા પીણાંનું ગ્રહણ કરે તો માણસમાં પણ આ રોગ પ્રસરી શકે છે. ઉપરાંત આવા પશુની આસપાસની હવામાં રહેલાં બેક્ટેરીયા દ્વારા પણ આ રોગ ફેલાય શકે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ WHOના જણાવ્યા મુજબ, મુખ્યત્વે, પ્રોસેસીંગ કર્યા વગરના દૂધ તથા ચીઝ દ્વારા આ રોગ માણસમાં પ્રસરે છે.

⇛ આ રોગના લક્ષણો : તાવ, પરસેવો, માથું દુ:ખવું, સ્નાયુમાં દુ:ખાવો, અરૂચિ વગરે.

⇛ આ રોગ માણસમાંથી માણસમાં પણ પ્રસરી શકે છે પરંતુ આવા બનાવો ખૂબ જ જૂજ હોય છે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (4) નીચેનામાંથી કયા-કયા ક્ષેત્રોમાં સાયબર ફિજિકલ સિસ્ટમનો ઉપયોગ થઈ શકે છે ?

(1) આરોગ્યસેવા

(2) સ્માર્ટ બિલ્ડીંગ

(3) પરિવહન

(4) રોબોટીકસ

(A) માત્ર (1), (2) અને (3)

(B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (4)

(D) આપેલ તમામ

⇛ **જવાબ :- D**

**સમજૂતી :**

⇛ એકબીજા સાથે જોડાયેલા અને ભૌતિક દુનિયા સાથે માહિતીની આપ–લે કરી શકતા ઉપકરણોના સમૂહને સાયબર ફિઝિકલ સિસ્ટમ (CPS) કહે છે.

⇛ તે કંટ્રોલ અને મોનિટરીંગ ટેક્નીક દ્વારા કમ્પ્યુટેશન અને કમ્યુનિકેશનના પાસાંઓનું એકીકરણ કરે છે.

⇛ આવી સિસ્ટમનો ઉપયોગ નીચેના ક્ષેત્રોમાં થાય છે.

- ઉત્પાદન પ્રણાલિઓ
- સ્માર્ટ ગ્રીડ
- રોબોટીકસ
- પરિવહન
- મેડીકલ ઉપકરણો તથા આરોગ્ય સેવા
- સૈન્ય
- સ્માર્ટ બિલ્ડીંગ
- હોમ–એરીયા નેટવર્ક વગેરે.

(આથી, આપેલ દરેક વિધાન સાચાં છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) INAPH (ઈન્ફોર્મેશન નેટવર્ક ફોર એનિમલ પ્રોડક્ટીવિટી એન્ડ હેલ્થ) વિશે નીચેનામાંથી સાચા વિધાન પસંદ કરો ?

(1) આ પ્રણાલીને 'પશુ આધાર' તરીકે પણ ઓળખવામાં આવે છે.
(2) પશુ આધારમાં 12–અંકનો યુનિક આઈડેન્ટીફિકેશન નંબર હશે.
(3) આ પ્રણાલીની બનાવટ ઈલેકટ્રોનીકસ મંત્રાલય તથા ગ્રામ્ય વિકાસ મંત્રાલય દ્વારા કરવામાં આવી છે.
(4) આ પ્રોજેકટ દ્વારા પશુઓને શોધવાની પ્રક્રિયા અને તેમના ઉત્પાદન વિશેની માહિતીમાં વધારો થઈ શકશે.

(A) આપેલ તમામ
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) માત્ર (1), (2) અને (4)

⇒ જવાબ :- D

**સમજૂતી :**

⇒ INAPHને 'પશુ આધાર' તરીકે પણ ઓળખવામાં આવે છે અને તેનો ઉદ્દેશ પશુઓના શોધની પ્રક્રિયા તથા તેના ઉત્પાદન વિશેની માહિતીમાં વધારો કરવાનો છે. (આથી, વિધાન (1) અને (4) સાચાં છે.)

⇒ આ પ્રણાલિનો વિકાસ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) દ્વારા કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (3) ખોટું છે.)

⇒ આધાર કાર્ડની જેમ જ આ પ્રણાલિમાં દરેક પશુને એક યુનિક આઈડેન્ટીફિકેશન નંબર આપવામાં આવશે. જે 12–અંકનો હશે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇒ INAPHએ વિશ્વનો પશુઓ સંબંધિત સૌથી મોટો હયાત ડેટાબેઝ છે તેમ માનવામાં આવે છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

**Facebook**
*like* | *comment* | *share*
ICE RAJKOT

**twitter**
ICE RAJKOT